પુસ્તક ૩૫

અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
બેડાવાળા

સંવત ૨૦૭૨ - અષાઢ સુદ-૫

જિનશાસનના શણગાર, પૂજ્ય સંયમી ગીતાર્થ ગુરુભગવંતોના ચરણોમાં હાર્દિક સવિનય વંદનાવલી...

જિનાજ્ઞા સમારાધક શ્રેષ્ઠવર્યશ્રી / પંડિતવર્યશ્રી આદિને પ્રણામ...

શ્રુતજ્ઞાનની નિષ્કામભક્તિ કરવાના આશયથી આરંભાયેલ ચાતુર્માસિક માસિક " **અહો ! શ્રુતજ્ઞાનમ્** " આઠમા વર્ષમાં પ્રવેશી રહ્યું છે, તથા આ સાથે તેનો ૩૫ મો અંક પ્રકાશિત થઇ રહ્યો છે. સામુદાયિક બંધનોથી પર રહીને પ્રભુ શાસનના શ્રુતના ક્ષેત્રમાં કાર્ય કરી રહેલ જ્ઞાની શ્રમણ-શ્રમણી ભગવંતો, પંડિતવર્યો, લેખકો આદિના સંશોધન-સંપાદન-લેખન કાર્યોને પ્રકાશમાન કરવા અને શ્રુતસંબંધી આવશ્યક વિચારણાઓ રજૂ કરવા એ જ તેનો મુખ્ય આશય રહ્યો છે.

આ વર્ષે પાલીતાણા ખાતે જૈન સંઘના ઇતિહાસમાં સવિશેષ નોંધનીય એવું વિરાટ શ્રમણ સંમેલન યોજાયું. વર્તમાન પરિપ્રેક્ષ્યમાં પ્રભુ વીરના વચનોને અનુરૂપ શાસ્ત્ર અને પરંપરાને અનુલક્ષીને ઘણી બધી વિચારણા-ચર્ચાઓને અંતે સર્વસંમતિથી ઠરાવો કરવામં આવ્યા.

પાઠશાળા અને જ્ઞાનભંડારના વિકાસ, સંઘમાં સ્વાધ્યાય અને અભ્યાસ માટે જાગૃતિ તથા બિનજરૂરી, પ્રિન્ટીંગ દ્વારા જ્ઞાનની આશાતના નિવારવા માટે થયેલ ઠરાવોની હાર્દિક અનુમોદના કરીએ છીએ.

સંયમી ગુરુભગવંતોના સ્વાધ્યાય-અભ્યાસ માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય. ભણવા માટેના ગ્રંથો-પુસ્તકો, રેફરન્સ ગ્રંથો ઉપલબ્ધ બની શકે એ માટે જ્ઞાનભંડારોને સમૃદ્ધ-ક્વોલીટી સભર બનાવવા માટેના યોગ્ય પ્રયત્નો થાય તેવી અપેક્ષા સ્વાભાવિક રીતે દરેકને હોય છે.

આપણને મળેલ શ્રુતવારસો ભાવિ પેઢી માટે સુરક્ષિત રાખવો તથા હાલના વિદ્વાન સંયમી ભગવંતોને સ્વાધ્યાય અભ્યાસ અર્થે ઉપલબ્ધ બનાવવાની સાથે સંશોધન માટે જરૂરી પ્રાચીન હસ્તપ્રતો પણ સહેલાઇથી ઉપલબ્ધ બનાવવી જરૂરી હોય છે. અને તે માટે બધા જ સમુદાય દ્વારા ખૂબ જ ચર્ચા-વિચારણાને અંતે જરૂરી શ્રુત જેઓને પણ જરૂર હોય તેઓને ઉપલબ્ધ કરાવવાનું ઠરાવેલ છે તેની પણ હાર્દિક અનુમોદના...

આ રીતે શ્રમણ સંમેલનના ઠરાવોને સૌ કોઇ ઉમળકાભેર અપનાવીને એ પ્રમાણે અમલ થાય એવી અપેક્ષા અસ્થાને ન ગણાય !

આ શ્રમણ સંમેલન જેમણે જોયું-જાણ્યું-માણ્યું તેમણે જીંદગીનો અમૂલ્ય લ્હાવો લીધો, ફરી ફરી આવા સંમેલનો યોજાય ને પ્રભુ શાસનનો પાયો વધુ મજબુત બને એવી અપેક્ષા સાથે...

જિનાજ્ઞા વિરૂદ્ધ કંઇ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્

લી. સકળશ્રી સંઘ ચરણસેવક
શાહ બાબુલાલ સરેમલ બેડાવાલા

" दासोऽहं सर्व साधूनाम् "

# નૂતન પ્રકાશન સંવત - ૨૦૭૧ - ૨૦૭૨

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા /સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | ઉત્તરાધ્યયન સૂત્ર ભા-૧, ૨, ૩(પ્રત) | પૂ. શાંતિસૂરિજી | સં. | જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૨ | શ્રી ધારણા ગતિ યંત્ર | પૂ. સૌમ્યરત્નવિજયજી | ગુજ | જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| 3 | હેમચંદ્રિય અર્હદ દેશના-સાર્થ | પૂ. જ્ઞાનભૂષણવિજયજી | સં/ગુજ | પરમ શ્રધ્ધેય પ્રકાશન |
| ૪ | સજ્ઝાય સમો તવો`નત્થિ | આ. અજિતશેખરસૂરિજી | સં/ગુજ | અર્હમ આરાધક ટ્રસ્ટ |
| ૫ | કુવલયમાલા-સહ સંસ્કૃત છાયા | પૂ. ગણિવિમલબોધિવિજયજી | પ્રા/સં | અર્હમ આરાધક ટ્રસ્ટ |
| ૬ | વાસ્તુસાર પ્રકરણ | આ. રાજતિલકસૂરિજી | સં/હિ | કસ્તુર રાજ મોક્ષ આરા. ટ્રસ્ટ |
| ૭ | શ્રાવક જીવન દર્શન | આ. કુલચંદ્રસૂરિજી | હિં | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૮ | સુખી જીવનની માસ્ટર કી | આ. કુલચંદ્રસૂરિજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૯ | જીવ થી શિવ તરફ | આ. કુલચંદ્રસૂરિજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૧૦ | તત્વની વેબસાઇટ | આ. કુલચંદ્રસૂરિજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૧૧ | કર્મ નચાવત તિમહિ નાચત | આ. કુલચંદ્રસૂરિજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૧૨ | મુહપત્તિ ચર્ચા | આ. કુલચંદ્રસૂરિજી | સં/ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૧૩ | કૌન બનેગા ગુરુગુણ જ્ઞાની | આ. કુલચંદ્રસૂરિજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૧૪ | હિતશિક્ષાના રાસનું રહસ્ય | આ. શીલચંદ્રસૂરિજી | ગુજ | જૈન ધર્મ પ્રસારક સભા |
| ૧૫ | અધ્યાત્મોપનિષદ્ પ્રકરણમ્-સટીક | પૂ. ત્રૈલોક્યમંડનવિજયજી | સં | જૈન ગ્રંથ પ્રકાશન સમિતી |
| ૧૬ | જ્ઞાનસાર-અષ્ટક-જ્ઞાનમંજરી | આ. કલ્પેન્દ્રસૂરિજી | સં/ગુજ | જિન તત્વ પ્રકાશન |
| ૧૭ | શ્રાદ્ધવિધી વિનિશ્ચય | પૂ. પં. પૂણ્યકીર્તિવિજયજી | સં | સન્માર્ગ પ્રકાશન |
| ૧૮ | નિતીસૂરિજી ગુરુપદ પૂજન | પૂ. મોક્ષતિલકવિજયજી | સં/હિ | નિતીસૂરિજી આરા. ભવન |
| ૧૯ | લઘુસાર અધ્યાત્મસાર | આ. અજિતયશસૂરિજી | સં/ગુજ | લબ્ધિ વિક્રમ શાસન ટ્રસ્ટ |
| ૨૦ | પાતંજલ યોગસૂત્રમ્ | પૂ. સંસ્કારયશવિજયજી | સં/અં | લબ્ધિ વિક્રમ સંસ્કાર કેન્દ્ર |
| ૨૧ | ધર્મ પરિક્ષા ભાગ-૨, 3 | પૂ. ગુણહંસવિજયજી | સં/ગુજ | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૨૨ | ભક્ત પરિજ્ઞા-પ્રકીર્ણક-સટીક | પૂ. આર્યરક્ષિતવિજયજી | સં/ગુજ | પ્રેમસૂરિજી સંસ્કૃત પાઠશાળા |
| ૨3 | કલ્પસૂત્ર-ઢાળીયા (જ્ઞાનવિમલસૂરિ કૃત) | પં. પ્રશાંતવલ્લભવિજયજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨૪ | જૈન કથા સાહિત્ય-એક અધ્યયન | ડૉ. સા. વૃષ્ટિયશાશ્રીજી | ગુજ | શંખેશ્વર પાર્શ્વનાથ જૈન પેઢી |
| ૨૫ | સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | ડૉ. સા. ચૈત્યયશાશ્રીજી | ગુજ | શંખેશ્વર પાર્શ્વનાથ જૈન પેઢી |
| ૨૬ | શત્રુંજય લઘુકલ્પ | શ્રી પ્રેમલ એન. કાપડીયા | સં/ગુજ/અં | હર્ષદરાય (પ્રા) લી. |
| ૨૭ | ધ જૈન સ્તુપ એટ મથુરા | ડૉ. રેણુકા પોરવાલ | અં | પ્રાચ્ય વિદ્યાપીઠ શાજાપુર |
| ૨૮ | કર્મ પ્રકૃતિ ભાગ-૧ | ધીરજલાલ ડાહ્યાલાલ | સં/ગુજ | જૈન ધર્મ પ્રસારણ સભા |
| ૨૯ | કેશ લૂંચન ગ્રંથ | આ. હેમપ્રભસૂરિજી | ગુજ | હેમપ્રભવ પ્રબોધ ટ્રસ્ટ |
| 30 | ચંદનબાલા | પૂ. મૈત્રીભાવવિજયજી | અં | શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જ્ઞાન ભંડાર |
| 3૧ | જંબૂસ્વામી-સ્થૂલિભદ્ર | પૂ. નિર્વાણપ્રિયાશ્રીજી | અં | શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જ્ઞાન ભંડાર |
| 3૨ | પૂર્વ પુરુષોની અંતિમ આરાધના | પૂ. ગણિહિતવર્ધન વિજયજી | ગુજ | કુસુમ અમૃત ટ્રસ્ટ |
| 33 | અરિહંત વંદનાવલી | પૂ. ગણિહિતવર્ધન વિજયજી | ગુજ | કુસુમ અમૃત ટ્રસ્ટ |

# નૂતન પ્રકાશન સંવત - ૨૦૭૧ - ૨૦૭૨

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા /સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૩૪ | સુક્તિ સુધા-૧ | આ. હેમચંદ્રસૂરિજી | સં/ગુજ | અંબાલાલ રતનચંદ |
| ૩૫ | નરક દુ:ખ વેદના ભારી | આ. હેમચંદ્રસૂરિજી | ગુજ | અંબાલાલ રતનચંદ |
| ૩૬ | ધનશેખર (ઉપમિતિભવપ્રપંચ અંતર્ગત) | આ. હેમચંદ્રસૂરિજી | ગુજ | અંબાલાલ રતનચંદ |
| ૩૭ | મારૂં ભારત - સારૂં ભારત | આ. રત્નસુંદરસૂરિજી | ગુજ | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૩૮ | વાંચન આંદોલન રીડર્સ ગાઇડ | આ. જગચ્ચંદ્રસૂરિજી | ગુજ | ગોવાલિયા ટેંક જૈન સંઘ |
| ૩૯ | પ્લેટીનમ્ (હાસ્ય અમૃત) | આ. અજિતશેખરસૂરિજી | ગુજ | અર્હમ્ આરાધક ટ્રસ્ટ |
| ૪૦ | ઘૂંટન | આ. અજિતશેખરસૂરિજી | ગુજ | અર્હમ્ આરાધક ટ્રસ્ટ |
| ૪૧ | પાથ ઓફ ડીવાઇન લવ | આ. તીર્થભદ્રસૂરિજી | અં | શ્રમણ સેવા રીલી. ટ્રસ્ટ |
| ૪૨ | પ્રેમભુવનભાનુ સૂરિ સમુદાયની શ્રમણ ગણની સ્મરણ યાત્રા | આ. મુક્તિવલ્લભસૂરિજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૪૩ | ગમતાનો કરીએ ગુલાલ-૨ | પૂ. જ્ઞાતનંદનવિજયજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૪૪ | પ્રસંગ ધારા | આ. મુનિચંદ્રસૂરિજી | ગુજ | ઓમકારસૂરિ જ્ઞાનમંદિર |
| ૪૫ | શ્રી શત્રુંજય ગિરિ વંદના | આ. શીલચંદ્રસૂરિજી | ગુજ | ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ |
| ૪૬ | હેમચંદ્રાચાર્ય ઔર કુમારપાળ | આ. રત્નસેનસૂરિજી | હિં | દિવ્ય સંદેશ પ્રકાશન |
| ૪૭ | ચંપકમાલા ચરિત્ર એવં કયવન્ના ચરિત્ર | આ. જયાનંદસૂરિજી<br>------------- | હિં | ગુરુ રામચંદ્ર પ્રકાશન<br>--------- |
| ૪૮ | સામાયિક કો સમજે | આ. જયાનંદસૂરિજી | હિં | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૪૯ | અરિહંત કો પહચાનો | આ. જયાનંદસૂરિજી | હિં | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૫૦ | વ્યંગ પચ્ચીસી | આ. જયાનંદસૂરિજી | હિં | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૫૧ | મારો પ્રિય ગ્રંથ | પૂ. વૈરાગ્યરતિવિજયજી | ગુજ | શ્રુત ભવન - પુના |
| ૫૨ | દીક્ષા યુગ પ્રવર્તક (આ.રામચંદ્રસૂરિજી) | પૂ. દેવર્ધિ | ગુજ | જિનવાણી પ્રચારક ટ્રસ્ટ |
| ૫૩ | વીર વચન ધન પાયો | આ. સાગરચંદ્રસાગરસૂરિજી | ગુજ | ---------- |
| ૫૪ | ગુરુ ભાગ-3 | પૂ. નિપુણરત્નવિજયજી | ગુજ | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૫૫ | ઘર દેરાસર | આ. અજીતશેખરસૂરિજી | ગુજ | અર્હમ્ આરાધક ટ્રસ્ટ |
| ૫૬ | આગમદર્શન થી આત્મદર્શન | પં. નિરૂપમસાગરજી | ગુજ | ઉંઝા જૈન સંઘ |
| ૫૭ | ધર્મ દ્રવ્યની શાસ્ત્રીય વ્યવસ્થા | પૂ. સંયમકીર્તિવિજયજી | ગુજ | સમ્યગ્ જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૫૮ | ધર્મ દ્રવ્યની શાસ્ત્રીય વ્યવસ્થા(લઘુ) | પૂ. સંયમકીર્તિવિજયજી | ગુજ | સમ્યગ્ જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૫૯ | કલિકાલમાં કેમ પાર ઉતરશો ? | પૂ. સંયમકીર્તિવિજયજી | ગુજ | સમ્યગ્ જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૬૦ | અધ્યાત્મ કેમ પામશો ? | પૂ. સંયમકીર્તિવિજયજી | ગુજ | સમ્યગ્ જ્ઞાન પ્રચારક સમિતિ |
| ૬૧ | પિસ્તાલીસ આગમ પરિચય વાચના | પૂ. દિવ્યચંદ્રસાગરજી | ગુજ | કંચનગિરિ જૈન આરા. ભવન |
| ૬૨ | અનંત પદની ચાહ (જયંતસેન ચોવીશી) | સા. શાસ્વતપ્રિયાશ્રીજી | ગુજ | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૬૩ | દિવ્ય વાર્તાનો ખજાનો-૧૯ (ભદ્રંકર વિજય-ગુણ ખજાનો) | પૂ. દિવ્યવલ્લભવિજયજી<br>-------------- | ગુજ<br>---- | અજયભાઇ મહેન્દ્રભાઇ<br>--------- |
| ૬૪ | ચમત્કારોની દિલધડક દાસ્તાન | પ્રિયમ | ગુજ | નવભારત સાહિત્ય મંદિર |

# પુનઃમુદ્રણ થનાર ગ્રંથો

પ.પૂ. દીક્ષા દાનેશ્વરી આ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા. ની શુભ પ્રેરણા અને આશીર્વાદથી પ્રાચીન ગ્રંથો જે હાલ ઉપલબ્ધ નથી તેનું પુનઃમુદ્રણ કરાયું છે. તેના પ્રથમ સેટમાં નિમ્નોક્ત પુસ્તક તથા પ્રતોનું મુદ્રણ હલ્કા વજનવાળા કાગળમાં જિન ગુણ આરાધના ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. આ સંપૂર્ણ શ્રુત ભક્તિનો લાભ પ.પૂ. ભવ્યરત્ન વિજયજી મ.સા. ની ઐતિહાસિક દીક્ષા પ્રસંગે થયેલ જ્ઞાન-ખાતાના ઉપજમાંથી સંઘવી રૂગનાથમલજી સમરથમલજી દોશી રિલીજીયસ ટ્રસ્ટે લીધો છે.

| ક્રમ | ગ્રંથોના નામ | કર્તા | પૂર્વ પ્રકાશક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧ | અર્ધમાગધી ધાતુ રૂપાવલી | રત્નચંદ્રજી સ્વામી | ભૈરવદાન જેઠમલજી શેઠીયા | ૧૧૮ |
| ૨ | ગુજરાતી સંસ્કૃત કોશ | ---------------- | મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી | ૩૦૪ |
| ૩ | કર્મવિપાક પ્રથમ કર્મગ્રંથ | રસિકલાલ ડાહ્યાલાલ મહેતા | આગમોદ્ધારક પ્રતિષ્ઠાન | ૨૧૨ |
| ૪ | ષોડશક પ્રકરણ ભાગ-૧ | આ. યશોવિજયસૂરિજી | દિવ્ય દર્શન ટ્રસ્ટ | ૨૪૦ |
| ૫ | ષોડશક પ્રકરણ ભાગ-૨ | આ. યશોવિજયસૂરિજી | દિવ્ય દર્શન ટ્રસ્ટ | ૨૫૦ |
| ૬ | તત્વાર્થાધિગમસૂત્ર ભાગ-૧ | સિદ્ધસેનીય ટીકા | દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર | ૫૪૬ |
| ૭ | તત્વાર્થાધિગમસૂત્ર ભાગ-૨ | સિદ્ધસેનીય ટીકા | દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર | ૪૭૨ |
| ૮ | મહિપાલ ચરિત્ર (સં) | ચારિત્રસુંદર ગણિ | માસ્તર ન્હાલચંદ ઠાકરશી | ૫૦ |
| ૯ | મહિવાલ કહા (પ્રા) | વીરદેવ ગણિ | પોપટલાલ પ્રભુદાસભાઇ | ૧૨૦ |
| ૧૦ | વિંશતિ સ્થાનક ચરિત્ર (સં) | જિન હર્ષ ગણિ | દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર | ૧૯૪ |
| ૧૧ | સુદર્શના ચરિત્ર ગદ્ય(સં) | લલિતસૂરિ | આત્મવલ્લભ જૈન ગ્રંથ સીરીઝ | ૧૮૬ |
| ૧૨ | દ્વિપસાગર પ્રજ્ઞપ્તિ સંગ્રહણી | શ્રુતસ્થવિર | ચંદનસાગર જ્ઞાન ભંડાર વેજલપુર | ૨૨ |
| ૧૩ | રત્નચૂડ કથા (સં) | જ્ઞાનસાગરસૂરિ | યશોવિજયજી જૈન ગ્રંથ ઓફીસ | ૪૪ |
| ૧૪ | રયણચૂડ રાય ચરિયમ્ (પ્રા) | નેમિચંદ્રસૂરિ | તપાગચ્છ જૈન સંઘ ખંભાત | ૧૪૪ |
| ૧૫ | પ્રત્યેક બુદ્ધ ચરિત્ર(સં) | ભાવ વિજય ગણિ | હીરાલાલ હંસરાજ | ૪૮ |
| ૧૬ | વિક્રમ ચરિત્ર (સં) | શુભશીલ ગણિ | પંડિત ભગવાનદાસ હર્ષચંદ્ર | ૫૪૦ |
| ૧૭ | વાસુપૂજ્ય ચરિત્ર ગદ્ય (સં) | -------------- | મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ | ૩૩૬ |
| ૧૮ | સદૈવ વત્સકુમાર ચરિત્ર (સં) | મતિસાગર મ.સા. | ---------------------- | ૧૯૬ |
| ૧૯ | પુણ્ય ધન નૃપ કથા (સં) | શુભશીલ ગણિ | મહાવીર જૈન સભા | ૭૪ |
| ૨૦ | પરમહંસ સંબોધ ચરિત્ર (સં) | અમૃતલાલ મોહનલાલ સંઘવી | જૈન સસ્તુ સાહિત્ય ગ્રંથમાલા | ૭૦ |
| ૨૧ | નલ દમયંતિ ચરિત્ર (સં) | મુક્તિ વિમલ ગણિ | મુક્તિ વિમલ જૈન ગ્રંથમાલા | ૯૪ |
| ૨૨ | ભવિષ્ય દત્ત ચરિત્ર (સં) | મેઘ વિજય ગણિ | પંડિત મફતલાલ ઝવેરચંદ | ૧૮૨ |
| ૨૩ | ભાવિ જિનેશ્વર અમમસ્વામી-૧(સં) | મુનિરત્ન સૂરિ | મણિ વિજય ગણિ ગ્રંથમાલા | ૩૦૬ |
| ૨૪ | ભાવિ જિનેશ્વર અમમસ્વામી-૨(સં) | મુનિરત્ન સૂરિ | મણિ વિજય ગણિ ગ્રંથમાલા | ૨૭૦ |
| ૨૫ | સપ્ત વ્યસન કથા સમુચ્ચય (સં) | સોમકીર્તિસૂરિ | પંડિત મફતલાલ ઝવેરચંદ | ૧૮૨ |
| ૨૬ | રયણ સેહરી કહા (પ્રા) | જિનહર્ષ ગણિ | જૈન આત્માનંદ સભા | ૬૮ |
| ૨૭ | કર્મ પ્રકૃતિ ચૂર્ણિ + ૨ ટીકા | મલયગિરિટીકા + યશોવિજયટીકા | મુક્તાબાઇ જ્ઞાન મંદિર | ૧૫૦૪ |
| ૨૮ | નર વિક્રમ ચરિત્ર (સં) | શુભંકર વિજય | નેમિવિજ્ઞાન ગ્રંથમાલા | ૧૫૦ |
| ૨૯ | સિરિચંદરાયચરિયમ્ (પ્રા) | કસ્તુર સૂરિ | નેમિ-વિજ્ઞાન કસ્તુરસૂરિ જ્ઞાનમંદિર | ૩૧૮ |
| 30 | ત્રિશષ્ટિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૧ થી ૧૦ | ભાષાંતર : કુંવરજી આણંદજી | જૈન પ્રકાશન મંદિર | ગુજરાતી |

# સરસ્વતી પુત્રોને વંદના

આ ગ્રંથોનું સંશોધન-સંપાદન કાર્ય ચાલુ છે.

પૂ. આ. શ્રી શ્રેયાંશપ્રભસૂરિજી મ. સા. (શ્રી રામચંદ્રસૂરિજી સમુદાય)

(૧) સિંદુર પ્રકર - શ્રી ચારિત્રવર્ધન ગણિની રચના

પૂ. આ. શ્રી તીર્થભદ્રસૂરિજી મ. સા. (કચ્છવાગડ શ્રી કલાપૂર્ણસૂરિજી સમુદાય)

(૧) મહાવીર જિન રાગમાળા (૨) ભક્તામર રાગમાળા

(૩) નેમીજિન રાગમાલા

અદ્યાવધિ અપ્રગટ બધી જ રાગમાળાનું હસ્તપ્રત ઉપરથી સંશોધન-સંપાદન

પૂ. આ. શ્રી યોગતિલકસૂરિજી મ. સા. (શ્રી શાંતિચંદ્રસૂરિજી સમુદાય)

(૧) ચર્તુવિંશતિ જિન સ્તવન, સ્તુતિ, સ્તોત્ર

અદ્યાવધિ અપ્રગટ બધી જ કૃતિનું હસ્તપ્રત ઉપરથી સંશોધન-સંપાદન

પં. પુણ્યકીર્તિવિજયજી મ. સા. (શ્રી રામચંદ્રસૂરિજી સમુદાય)

(૧) ચિંતામણિ પાર્શ્વનાથ સ્તોત્ર - વૃતિ (૨) ઉપદેશ રસાયણ - વૃતિ

(૩) દેલાઉલા મંડન-મંત્ર, ગર્ભિત સ્તવન (૪) શાંતિનાથ ચરિત્ર-ગદ્ય-કર્તાઃ ઉદયસાગર ગણિ

પૂ. ગણિવર્ય તત્વપ્રભવિજયજી મ. સા. (શ્રી રામચંદ્રસૂરિજી સમુદાય)

ઉત્તરાધ્યયન સૂત્ર - અદ્યાવધિ અપ્રકાશિત લઘુ ટીકા, અવચૂરિ

(૧) પાઇય ટીકા - અનુસારિણી અવચૂરિ - કર્તા - જ્ઞાનસાગર

(૧) અવચૂરિ કથાત્મિકા - કર્તા - વિનયહંસગણિ

પૂ. સંયમબોધિ વિજયજી મ. સા. (શ્રી પ્રેમ ભુવનભાનુસૂરિજી સમુદાય)

(૧) વિશેષ આવશ્યક ભાષ્ય - ભાગ ૧ થી ૪ મલધારી હેમચંદ્રસૂરિજી ટીકા

(૨) નિગોદાદિષટ્ત્રિંશિંકા - પૂ. અભયદેવસૂરિજી ટીકા

(૩) ધર્મ સંગ્રહણી ભાગ-૧, ૨ - પૂ. હરિભદ્રસૂરિજી સ્વોપજ્ઞ ટીકા

(૪) તત્વાર્થ ભાષ્ય કારિકા - વાચક ઉમાસ્વાતિજી

(૫) દર્શન રત્ન રત્નાકર - ભાગ-૧, ૨, ૩ - સિધ્ધાન્ત સાર મુનિ

અપ્રકાશિત કૃતિનું હસ્તપ્રત ઉપરથી સંશોધન-સંપાદન (શ્રી પ્રેમ ભુવનભાનુસૂરિજી સમુદાય)

(૧) ગુરુ તત્વ વ્યવસ્થાપન-વાદ સ્થળ - પૂ. સંયમકીર્તિવિજયજી

(૨) ગુણસ્થાનક કે ધ્યાન ભેદ - પૂ. સંયમકીર્તિવિજયજી

(૩) અજીવ કલ્પ પ્રકીર્ણમ - પૂ. યોગરૂચીવિજયજી

(૪) ત્રણ ભાષ્ય-શ્રી તિલકાચાર્ય -લઘુ ટીકા - પૂ. યોગરૂચીવિજયજી

(૫) સંસકત નિર્યુક્તિ - કર્તા - ભદ્રબાહુસ્વામી- પૂ. નયબોધિવિજયજી

# શ્રુતયજ્ઞ માટે વિજ્ઞપ્તિ

તેજસ્વી, પ્રતિભાસંપન્ન, કાર્યકુશળ શ્રમણ-શ્રમણી ભગવંતોના સમય, શક્તિ અને વિદ્વતાના ઉપયોગ દ્વારા ઝડપથી ધારેલું પરિણામ મળે, પૂર્વાચાર્યો દ્વારા રચાયેલા અદ્‌ભુત ગ્રંથોના શ્રુતસાગરમાંથી અમૃતરૂપી જ્ઞાન પ્રકાશમાન બને, જ્ઞાનપૂર્વકની ક્રિયાઓ દ્વારા જિનશાસનની સમ્યગ્જ્ઞાનની પ્રભાવકતામાં વધારો થાય તે માટે જ શ્રુતભક્તિની લાગણી થી પ્રેરાઇને શ્રુત વિષયક કેટલીક વિજ્ઞપ્તિ રજુ કરુ છું.

## અપ્રગટ કૃતિઓ

દેશ વિદેશમાં ઉપલબ્ધ સર્વ હસ્તપ્રત ભંડારોમાં રહેલ શાસ્ત્ર ગ્રંથોના નામોને પ્રકાશિત ગ્રંથો સાથે સરખાવવા અને જે ગ્રંથો અપ્રગટ હોય તેની યાદી બનાવવી આ કાર્ય કરવું જરૂરી બન્યું છે. ચાર પૂજ્યોનું ગ્રુપ હોય તે એક મહિનામાં ૫૦૦૦ હસ્તપ્રતોના લિસ્ટનું નિરીક્ષણ કરે, તો વર્ષમાં ૬૦,૦૦૦ હસ્તપ્રતોનું લિસ્ટ તપાસી શકાય અને આવા દશ ગ્રુપો કાર્યરત થાય, તો એક જ વર્ષમાં ૬ લાખ હસ્તપ્રતોમાં રહેલી અપ્રકાશિત કૃતિઓની માહિતી મળી શકે અને તે તે કૃતિઓ પર સંશોધન કરવા ઇચ્છુક પૂજ્યોને તે તે આલંબન મળી શકે.

## વર્તમાનમાં શ્રી સંઘની માલિકીમાં નથી તેવી શ્રુતસંપત્તિ

બ્રિટનમાં રહેલી બ્રિટીશ લાઇબ્રેરીથી માંડીને જોધપુરમાં રહેલી ઓરીએન્ટલ લાઇબ્રેરી સુધી હજારો કે લાખો હસ્તપ્રત એવી છે કે જે વર્તમાનમાં શ્રીસંઘની માલિકીમાં નથી. તેમનું લિસ્ટ પ્રાપ્ત કરવામાં આવે અને તપાસવામાં આવે, તો અનેક લુપ્ત પ્રાયઃ અથવા જેની પ્રતિલિપિ શ્રીસંઘના સંગ્રહમાં ન હોય તેવા ગ્રંથોને જે તે સંસ્થાના નિયમ મુજબ પ્રયત્ન કરીને ડીજીટલ કે ઝેરોક્ષ નકલ મેળવવાનું અભિયાન પણ આ શ્રુતયજ્ઞમાં સાંકળી લેવાય.

## વિદ્વાનોની ટીપ

શ્રુતયજ્ઞ માટે વિદ્વાનોની અનિવાર્ય જરૂર છે. વડીલ આચાર્ય ભગવંતો પોતાના આશ્રિત તેજસ્વી યુવા શ્રમણ-શ્રમણી ભગવંતોને એક વર્ષ માટે બીજા કાર્યો ગૌણ કરી આ યજ્ઞમાં જોડે, તો આ કાર્ય સરળ બની જાય, આ ટીપ કરવી એ વિદ્વાન આજ્ઞાદાતા ગુરુભગવંતો દ્વારા જ શક્ય છે.

## સંશોધન ક્ષેત્ર

પ્રભુની મૂળ પરંપરા સ્વરૂપ આપણો શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ આજે જ્ઞાનથી અળગો થઇને ઓચ્છવ મહોત્સવમાં જ મશગૂલ થઇ ગયો છે. આવી વાતો જ્યારે અમે સાંભળીએ ત્યારે ખરેખર વેદના થાય છે. ત્યારે અન્ય સંપ્રદાયો સંશોધન ક્ષેત્રે જે કાર્ય કરે છે, તેના કરતાં અનેકગણું કાર્ય આપણે કરી શકીએ તે શક્ય છે. હજી પણ પૂર્વાચાર્યોના ઘણા ગ્રંથો સંશોધિત થવાની પ્રતીક્ષા કરી રહ્યા છે. જરૂર છે આપના સૌના સાથ અને સહકારની...

## માત્ર પાંચ વર્ષ

તેજસ્વી શ્રમણ-શ્રમણી ભગવંતો પૈકી થોડાક ગુરુ ભગવંતો અન્ય કાર્યોને ગૌણ કરે અને શ્રુતસંબંધી પણ છુટક કાર્યોને ગૌણ કરે, અને એક સુવ્યવસ્થિત આયોજન બદ્ધ શ્રુતયજ્ઞના મંડાણ થાય. જેના ફળ જિનશાસનની આવનારી પેઢીઓને સેંકડો વર્ષ સુધી મળતા રહે તે માટે પાંચ વર્ષ માટે શ્રુતયજ્ઞમાં જોડાય એવી અમારી ભાવભરી વિનંતી છે.

# શ્રુતયજ્ઞ માટે વિજ્ઞપ્તિ

## પ્લાન શ્રુતયજ્ઞ

વિશિષ્ટ વિદ્વાનોની નિશ્રા, તેજસ્વી પૂજ્યોની કાર્યશીલતા, વૈયાવચ્ચી પૂજ્યોની કટિબદ્ધતા, એક મુદ્દાનો કાર્યક્રમ અને બીજા બધાં જ કાર્યોની ગૌણતા, શુદ્ધિકરણ, લિપ્યંતર, સંશોધન, સંમાર્જન, માર્ગદર્શન, ટીમ-વર્ક આ બધાં દ્વારા પવનવેગે અદ્‌ભુત શ્રુતયજ્ઞ સંપન્ન થઇ શકશે, ચાર સંશોધક પૂજ્યો, બે વૈયાવચ્ચી પૂજ્યો, બે અદ્યતન ટેકનોલોજી (કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઇન્ટરનેટ વગેરે) ના જાણકાર સ્ટાફ, બે શ્રુતપ્રેમી શ્રાવકો-પંડિતવર્યો અને એક વિશિષ્ટ વિદ્વાનોની નિશ્રા આવા મહત્તમના ગ્રુપોથી આ કાર્યો શીઘ્રતમ થઇ શકે. દરેક વિષયના ૫૦ ગ્રંથો આ રીતે પાંચ જ વર્ષમાં તૈયાર થઇ શકશે. જુદા જુદા વિષયોના ૨૫૦-૩૦૦ અપ્રગટ ગ્રંથો ફક્ત પાંચ વર્ષોમાં પ્રકાશિત થઇ શકશે અથવા અશુદ્ધ પ્રકાશનોનું અત્યારે ઉપલબ્ધ હસ્તપ્રતોના આધારે વધારે શુદ્ધ પ્રકાશન પણ થઇ શકશે.

## સહાય સેતુ

સમૃદ્ધ જ્ઞાનભંડારોના સંચાલકો તે પૂજ્યોને જરૂરી પુસ્તકો ઉપલબ્ધ કરી આપે, યોગ્ય શ્રાવકો જરૂરી હસ્તપ્રતો અને હસ્તપ્રતોની સૂચિ ઉપલબ્ધ કરી આપે, અગ્રણી પ્રકાશક સંસ્થાઓ તૈયાર થયેલ ગ્રંથોનું પ્રકાશન તથા વિતરણ કરી આપે.

જ્ઞાન ભંડારના સંચાલકો, શ્રુતપ્રેમી શ્રાવકો અને પ્રકાશકોની જુદા જુદા શહેરોમાં વ્યવસ્થા ગોઠવવા માટેની જવાબદારી લેવા માટે અમો ખાતરી આપીએ છીએ.

## નમ્ર યાચના

આપની અમીદષ્ટિથી આ શ્રુતયજ્ઞ સુચારૂ પણે સાકાર થાય એવી આપને પ્રાર્થના છે. આ બાબતમાં મારે યોગ્ય જે સૂચન, માર્ગદર્શન, આદેશ હોય, તે ફરમાવવા સેવક પર કૃપા કરશોજી.

મયં જિણાણ સરણં બુહાણં......

## નેશનલ બુકફેર -૨૦૧૬

ભારત સરકાર તરફથી દર વર્ષે આંતરાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવે છે. જેમાં આ વર્ષે જાન્યુઆરી મહીનામાં યોજાયેલ બુક ફેરમાં ૧૦૪૩ સ્ટોલ્સ હતાં જેમાં વિશ્વ કક્ષાના પ્રકાશકોની સાથે જુદા જુદા ધર્મના વિવિધ પ્રકાશકોના પણ સ્ટોલ્સ હતા. અને જૈન ધર્મના ત્રણ સંસ્થાના સ્ટોલ્સ પૈકી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંસ્થાની સદંતર ગેરહાજરી રહી હતી. ગુજરાત સરકાર તરફથી પણ દર વર્ષે અમદાવાદ માં મે મહીનામાં નેશનલ બુક ફેરનું પાંચ વર્ષ થી આયોજન કરવામાં આવે છે. જેમાં આ વર્ષે ૧૮૦ સ્ટોલ્સ પૈકી એક જ સ્ટોલ જૈનીઝમનો હતો. ભર ઉનાળામાં પણ એસી ડોમમાં પુસ્તકોના પ્રદર્શન વેચાણની સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ અને સાહિત્યના વિવિધ ચર્ચા-ગોઠીના લીધે ખૂબ જ મોટી સંખ્યામાં વિદ્વાનો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને જ્ઞાન પ્રેમી જન સમુદાય તરફથી આવકાર્ય બન્યો હતો. જૈનીઝમનો સ્ટોલ આ વર્ષે પૂજ્ય શ્રી પ્રેમભુવનભાનુસૂરિજી સમુદાયના શ્રુતોદ્ધારક પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિજી ની પ્રેરણાથી શ્રી જિનશાસના આરાધના ટ્રસ્ટ ના સૌજન્યથી રાખવામાં આવ્યો હતો. જેની હૃદય પૂર્વક અનુમોદના કરીએ છીએ. પ્રભુ મહાવીરના ચરિત્રની સૌથી મોટી પુસ્તક અને પ્રભુની વાણીની સૌથી નાની પુસ્તક પણ પ્રકાશિત કરવામાં આવી હતી.

# જયવંતુ જિનશાસન - શ્રુતોપાસના

(૧) સરસ્વતી લબ્ધ પ્રસાદ પૂ. આ. શ્રી રત્નસુંદરસૂરિજી મ. સા. લેખિત ૩૦૦ મા પુસ્તક મારૂં ભારત-સારૂં ભારતનું વિમોચન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વીડીઓ કોન્ફરન્સથી કરવામાં આવ્યું. ભારતના આર્થિક પાટનગર મુંબઇમાં દસ દિવસના સાહિત્ય સત્કાર મહોત્સવમાં તપ, જપ અને સાહિત્યના વિશિષ્ટ પ્રોગ્રામોની સાથે સાથે પાઠશાળાના શિક્ષકો, પંડિતોનું વિશિષ્ટ બહુમાન દ્વારા અનેકવિધ અનુષ્ઠાનો દ્વારા શાસન પ્રભાવના.

(૨) પૂ. આ. શ્રી શીલચંદ્રસૂરિજી મ. સા. ની નિશ્રામાં શેઠ હઠીસિંહની વાડીમાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ચંદ્રક પારિતોષિક પેરિસ ફ્રાન્સના વિદુષી વિદ્વાન ડૉ. નલીની બલવીરને અર્પણ કરવામાં આવ્યો.

(૩) જ્ઞાનપંચમી વિશિષ્ટ રૂપે ઉજવવા અંગેના અંક-૩૪ આસો સુદ-૧૫ ના લેખના પ્રતિસાદ રૂપે શ્રી શાંતિનગર જૈન સંઘ પાઠશાળા શ્રી પ્રેમભુવનભાનુસૂરિજી સમુદાયના પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિજીની નિશ્રામાં અને શ્રી ઘાટલોડીયા શ્રી સિમંધરસ્વામી જૈન સંઘમાં પં. ભદ્રેશ્વરવિજયજી મ. સા. ની નિશ્રામાં ૪૫ આગમોના છોડ, ૪૫ આગમની રચના, અને તેની શ્રુત પૂજા રાખવામાં આવી હતી, તેમજ પ્રદક્ષિણા, ખમાસણા, કાઉસગ્ગ અને સાથિયા કરીને જ્ઞાનપંચમીની વિધિવત્ આરાધના કરનાર બાળકોનું બહુમાન કરવામાં આવ્યું તેમજ ૪૫ આગમના નામ ગોખનાર નાના બાળકોનું પણ સંઘ તરફથી વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યું. શ્રુતના વિશિષ્ટ બહુમાન માટે અનુમોદના..

(૪) શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર દ્વારા પ્રકાશિત જુદા જુદા યુવા તેજસ્વી, પ્રતિભાસંપન્ન ગુરુભગવંતો દ્વારા અંગ્રેજી ભાષામાં લેખિત વાર્તા ની પ્રથમ બે (ચંદનબાળા) (જંબૂસ્વામી-સ્થુલીભદ્ર) પુસ્તકોની જ્ઞાનપંચમીના દિવસે ભારતભરમાં આવેલ ૧૦૮ જૈન સંઘોમાં પૂજ્ય ગુરુભગવંતોની નિશ્રામાં વિમોચન કરવામાં આવ્યું, બાળકોને જીવન ઘડતરમાં ઉપયોગી આકર્ષક મલ્ટીકલર આર્ટ પેપર ઉપર સચિત્ર મહાપુરુષોના જીવન ચરિત્રો પ્રભાવના અને પાઠશાળા માટે ડીસ્કાઉન્ટથી ઉપલબ્ધ કરવામાં આવ્યા છે તો જરૂર હોય તેઓએ સંપર્ક કરવો વિનંતિ છે.

(૫) પ્રભાવના માટે યોગ્ય સારો અને ઉપયોગી અને આકર્ષક વિકલ્પ છે. જ્ઞાનદાન, અન્નદાન અને અભયદાન કરતા પણ જ્ઞાનદાનનું મહત્વ આપણે ત્યાં વધારે છે, "પ્રિયમ્" ના ઉપનામથી ગુરુભગવંત દ્વારા લેખિત ૨૫ પુસ્તકો નાની બુક લેટ અને સી અને ડી સાઇઝ માં જુદા જુદા વિષયોની આ વર્ષે પ્રકાશિત કરવમાં આવેલ છે. જેની પ્રભાવનામાટે ફક્ત રૂા. ૨, ૫ અને ૧૦ ની કિંમતની છે. તો જરૂર હોય તેઓ અક્ષયભાઇ - મુંબઇ (મો) ૯૫૯૪૫૫૫૫૦૫ અને યોગેશભાઇ - અમદાવાદ (મો) ૯૯૭૪૫૮૭૮૭૯ ઉપર સંપર્ક કરી શકે છે. જેમાં ટાઇટલ - ૪ ઉપર સૌજન્ય દાતાના નામ પ્રિન્ટ થઇ શકે છે.

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org